<u>વાદી તરફે આંક – ૫ થી જયારે પ્રતિવાદી તરફે આંક – ૩૧ થી, સી.પી.સી ઓર્ડર – ૩૯ રૂલ – ૧ અને ૨ તથા કલમ – ૧૫૧ હેઠળ ચાલતે દાવે કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી લગત હુકમ.....</u>

૧. વાદી તરફે તેઓની આંક – ૫ થી મનાઈ હુકમ મેળવવાની અરજી સંગત આંક – ૩૬ થી લેખિત દલીલ રજુ કરલે છે જયારે પ્રતિવાદી તરફે આંક – ૩૧ થી કાઉન્ટર મનાઈ હુકમ અંગે આંક – ૩૭ થી લેખિત દલીલ રજુ કરલે છે અને અરજીઓ અંગે મૌખિક રજૂઆત અને દલીલ કરેલ છે, બન્ને પક્ષે રજુ થયેલ મનાઈ હુકમની અરજી નું કારણ અને પ્રકાર ધ્યાને લેવામાં આવે તો,

૨. વાદી તરફે અરજી નું મુખ્ય કારણ અને દલીલો છે કે : – વાદીઓ મોજે વાઘેશ્વરી તા.ભિલોડાના સીમમાં નવો સર્વે નં.૧૩૪ (જુનો સ.નં.૩૦/૧) વાળી ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩ નવી અને અવિભાજય ચોકકસ શરતોવાળી ખેતીલાયક સત્તાપ્રકાર ૭૩એએ વાળી સ્વપાર્જીત જમીન ધરાવે છે સદરહુ જમીન ઉપર ધિરાણ મેળવેલ હોવાથી બેંકનો બોજો નોંધાવેલ છે આ સર્વે નંબરવાળી જમીન વાદીના સગાભાઈઓ તથા બહેનોની સંયુકત ખાતે આવેલી છે તેમાં જાતે ખેતી કરી ગુજરાન ચલાવે છે અને વાદીઓ હકક ધરાવી સતત એકધારો કબજો ભોગવટો ધરાવી ખેતી કરે છે. સદરહુ જમીનની વહેચણી કરવામાં આવેલ નથી પરંતુ **સર્વે નંબરવાળી જમીન ૧૩૧ ગુઠામાંથી ૮૪ ગુઠા જમીન આ દાવાના પ્રતિવાદીઓએ વાદી પાસેથી પડાવી લઈ દબાણ કરેલ છે.**

૩. વાદીઓ તરફે દલીલ છે કે, અમારા સ્વ પિતાશ્રી નામે બળેવીયા અઢેરા ભાઈ નાથાભાઈ સને ૧૯૬૨–૬૩ ના અરસાથી ગામ વાઘેશ્વરી તા.ભિલોડામાં નવો સ.નં.૧૩૪ (જુનો સ.નં.૩૦/૧) વાળી ખેતીલાયક જમીન હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩ નવી શરતની ચોકકસ શરતોવાળી ખેતીલાયક સત્તાપ્રકાર ૭૩એએ વાળી પોતાના નામે સ્વપાર્જીત ધરાવતા હતા અને જાતે ખેતી કરતા હતા તેઓ તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે તેથી વારસાઈ નોંધ નં. ૧૨૮૭ તા.૨૬/૧૨/૨૦૨૩ ના રોજ પાડી તા.૧૫/૦૨/૨૦૨૪ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. સદરહુ સર્વે નંબર વાળી જમીન નવી શરતની છે તેઓ જાતે ખેતી કરી ઉપજ લેતા હતા તેઓએ પોતાના કુટુંબની આવકમાંથી ખર્ચ કરી તેમના નામે રેવન્યુ રેકર્ડમાં નામ દાખલ કરાવેલ છે નોંધ નં.૬૭ તા.૨૦/૩/૬૪ થી જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩એએ અન્વયે આદિવાસીઓની જમીન ઉપર અગાઉ થી મંજુરી મેળવ્યા સીવાય નામદાર સરકારની જાહેરાતની તારીખથી કબજેદાર તરીકે હકકોમાં ફેરફાર કરી શકાશે નહી તેવી શરતથી જમીન ફાળવવામાં આવેલ છે સને ૧૯૬૨–૬૩ થી સદરહુ સર્વે નંબર વાળી જમીનનો પ્રત્યક્ષ કબજો વાદીઓ ધરાવે છે. નવી શરતની આવેલ જમીન કલેકટરશ્રીની પરવાનગી સીવાય વેચી શકાતી નથી કોઈને સાથે આપી શકાતી નથી તેમજ ભાઈઓ ભાગમાં વહેચણી શકાતી નથી. પરવાનગી મેળવ્યા સીવાય તેમ કરવામાં આવેતો તે જમીન ખાલસા થવાને પાત્ર બને છે. સ્વ. બળેવીયા નાથાભાઈ જીવાભાઈના ત્રણ પુત્રો હતા (૧) બળેવીયા અઢેરાભાઈ નાથાભાઈ (૨) બળેવીયા કાન્તીભાઈ નાથાભાઈ (૩) બળેવીયા સકરાભાઈ નાથાભાઈ તેમાંથી અ.નં.૧ તથા અ.નં.૩ સ્વર્ગવાસ થયેલ છે. સર્વે નં. ૧૩૪ (જુનો સ.નં.૩૦/૧) વાળી જમીન બળેવીયા અઢેરાભાઈના નામે હતી

પ્રતિવાદીઓએ એકજુથ થઈને, ભેગા મળીને સને ૧૯૬૯–૭૦ માં ૮૪ ગુઠા જમીન બળજબરી પૂર્વક વાદી પાસેથી પડાવી લઈ દબાણ કરેલ છે અને પાણીપત્રકમાં નામ દાખલ કરાવેલ સને ૧૯૭૧ – ૭૨ માં સદરહુ સર્વે નંબરવાળી જમીનમાં શરત ભંગનો કેસ થાય તેમ હતો તેથી તેઓએ નામ પાણીપત્રકમાંથી રદ કરાવેલ છે. અમો વાદીઓને પ્રતિવાદીઓ જણાવે છે કે, આ જુનો સ.નં. ૩૦/૧ વાળી ખેતીની જમીન અમારી વડીલોપાર્જીત જમીન છે અને તેમાં ત્રણ સરખા હિસ્સે વહેંચી આપો તેમજ અમારા નામો સહવારસદાર તરીકે દાખલ કરવા સંમતી આપો પ્રતિવાદીઓએ નામદાર કોર્ટમાં તા. ૧૪/૦૨/૨૦૨૩ ના રોજ દાવો દાખલ કરેલ છે સદર સર્વે નંબરમાં ૮૪ ગુઠા જેટલી જમીન પડાવી લઈ દબાણ કરેલ છે. સદર સર્વે નં.૧૩૪ વાળી જમીન વડીલોપાર્જીત છે તે અંગેનો કોઈ અધિકૃત – રીકર્ડકીય પુરાવો રજુ કરેલ નથી. સદર સર્વે નં. ૧૩૪ વાળી જમીન મર્યાદીત શરતવાળી હોવાથી કાયદાની જોગવાઈ પ્રમાણે જમીન પડાવી લેનારે અગાઉથી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવાની હોય છે. આમ પ્રતિવાદીઓએ સક્ષમ અધિકારીશ્રીની મંજુર સીવયા જમીન પડાવી લઈ દબાણ કરેલ છે.

૪. વધુમાં, વાદીઓની દલીલ છે કે, કૃષિ અને જમીન વિભાગ સચિવાલય અમદાવાદ તા.૪/૪/૬૧ નુ જાહેરનામુ એલ.એ.ડી./૩૯૬૧/૪૧૫૦૯ ધી મુંબળી મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૭૩ એ થી મળેલ સત્તાની રૂએ અનુસુચિત દર્શાવેલ જિલ્લાઓના આદિવાસી ખેડુતો પુરતો પ્રતિબંધ મુકવામાં આવેલ છે જેનુ અમલીકરણ તા. ૪/૪/૧૯૬૧ થી કરેલ છે કલેકટરશ્રીની પૂર્વ મંજુરી સીવાય ફેરફાર કરી શકાશે નહી તેવી સ્પષ્ટ જોગવાઈ છે. ગુજરાત જમીન અધિનિયમ ૧૮૭૯ ની સ્પષ્ટ જોગવાઈ છે કે તા.૧૨/૨/૧૯૮૨ થી દાલખ કરેલ સુધારાથી આદિવાસી આદિવાસીની ખરીદી કે ફેરફાર એન્ટ્રી સબંધમાં કલેકટરશ્રીની પૂર્વ મંજુરી લેવાની રહે છે આ જોગવાઈઓ પ્રમાણે આ કેસમાં અગાઉથી મંજુરી લેવામાં આવેલ નથી. ઉપરોકત ચતુરદીશાવાળી વાદગ્રસ્ત જમીન વાદીઓની નવી અને અવિભાજય શરતોવાળી ખેતીલાયક ૭૩એએ સત્તાપ્રકારની સ્વપાર્જીત સંયુકત માલકીની કબજા ભોગવટાવાળી આવેલ છે. મોજે વાઘેશ્વરી તા.ભિલોડાની સીમના નવો સર્વે નં. ૧૩૪ (જુનો સ.નં.૩૦/૧) વાળી ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩ નવી શરતની ખેતીલાયક સત્તાપ્રકાર ૭૩એએ. નિયંત્રણ વાળી જમીનમાંથી પ્રતિવાદીઓએ ૮૪ ગુઠા જમીન પડાવી લેવા માટે નામદાર કોર્ટમાં બનાવટી પુરાવા રજુ કરી નામદાર કોર્ટ પાસે ખોટો નિર્ણય લેવડાવવા પ્રયત્ન કરી રહેલ છે. જેથી દાવાની સાચી હકીકત રજુ કરી વાદીએ રજુઆત કરેલ છે. આ સર્વે નંબર વાળી જમીનમાંથી ૮૪ ગુઠા જમીન પડાવી લઈ દબાણ કરરેલ છે.

૫. વધુમાં, વાદીઓ તરફેની દલીલ છે કે, ઉપરોકત હકીકતોને ધ્યાને લઈને વાદીઓએ આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવો દાખલ કરેલ છે પરંતુ સ્વભાવીક રીતે સદરહુ દાવો ચાલતા ઘણો જ લાંબો સમય જાય તેમ છે તેવા સંજોગોમાં આ કામના પ્રતિવાદીઓ તેમના ગેરકાયદેસર રીતે અમો વાદીઓની માલીકીની જમીન ૮૪ ગુઠામાં ગેરકાયદેસર રીતે દબાણ કરેલ હોઈ જેથી પ્રતિવાદીઓ એ કરેલ ગેરકાયદેસર કૃત્યમાં સફળ થઈ જાય અને અમો વાદીઓને દાવાવાળી જમીન પૈકી દબાણ કરેલ જમીન પ્રવેશ કરી જમીનમાં રહેલો હકક માર્યો જાય તેમ છે તેમજ અમો વાદીઓને નાણાંથી ભરપાઈ ન જઈ શકે તેવુ મોટુ નુકશાન જાય તેમ છે તેમજ સદર દાવાવાળી જમીન પૈકી દબાણ કરેલ

જમીન ઉપર પ્રતિવાદી કે વંશ વાલી વારસો કે તેમના સગા સબંધીઓ પ્રવેશ કરી દબાણ કરે અને પ્રતિવાદીઓએ કરેલ દબાણ ખુલ્લુ કરવામાં ન આવે તો અમો વાદીઓને ખુબ મોટા પ્રમાણમાં નાણાકીય નુકશાન જાય તેમ છે તેવા સંજોગોમાં આ કામના પ્રતિવાદીઓને તેમના ગેરકાયદેસરનુ કૃત્ય કરતાં અટકાવવા ખુબ જ જરૂરી છે અને દબાણ ખુલ્લુ કરાવવુ પણ ખુબ જ જરૂરી છે આ વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીઓના લાભમાં છે વાદીને નાણાકીય નુકશાન થઈ રહેલ છે તેથી આ કામના પ્રતિવાદીઓ વિરૂધ્ધ દાવો ચાલતા સમય દરમીયાન સુધીનો કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવો ખુબ જરૂરી હોઈ હાલની આ અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે.

૬. વાદીએ તેઓની અરજીના સમર્થનમાં આંક – ૩ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે, નિશાની ૩/૧ થી ૩/૪ સુંધીના રેવન્યુ રેકર્ડ અને ગામ નમુના નં. ૭ અને ૧૨, રજુ કરેલ છે. વધુમાં, વાદી દ્વારા તકરારી સ્થાનિક જગ્યાનું કોર્ટ કમિશ્નરશ્રી દ્વારા સ્થાનિકે થયેલ પંચનામું અને રફ સ્કેચ રજુ કરાવેલ છે જે આંક – ૧૧ થી રજુ થયેલ છે અને જે નિશાની ૧૧/૧ થી ૧૧/૪ સુંધીના આધારો રજુ થયેલ છે.

૭. વાદીની હાલની અરજી સામે પ્રતિવાદીઓ દ્વારા આંક – ૩૧ થી કાઉન્ટર મનાઈ હુકમ ની અરજી રજુ કરેલ છે.

૭.૧. પ્રા.વાદી તરફે અરજી નું મુખ્ય કારણ અને દલીલો છે કે : – જેમાં પ્રતિવાદી તરફે મુખ્ય હકીકત અને દલીલો એવી કરેલ છે કે, વાદીએ દાવા અરજીમાં જણાવેલ મીલકત સર્વે નં. ૧૩૪ (જુનો સર્વે નં.૩૦/૧) વાળી ખેતીની જમીન હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩ ખાતા નં.૧૨૦ થી આવેલી છે. તે પ્રતિવાદીઓની સ્વપાર્જીત જમીન છે તે નવી અને અવિભાજય શરતની હતી અને પ્રતિવાદીને કાયદા તેમજ નિયમો હેઠળ ફાળવેલ છે ખેડુત ખાતેદારે જાતે વાવેતર કરવાનુ હતુ સદરહુ જમીન ધારણ કરનારે અગાઉથી સક્ષમ અધિકારીશ્રીની મંજુરી વગર કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો આપી શકશે નહી. વાદીએ આ જમીનમાં વારસાઈ કરાવેલ નથી. કુલ જમીન ૧૩૧ ગુઠા માંથી ૮૪ ગુઠા જમીન પ્રતિવાદી પાસેથી બળજબરી પૂર્વક પડાવી લીધેલ છે. તેઓએ વહેચણી તેમજ કબજા અંગેની વાત જાતે ઉપજાવી કાઢેલ છે. વાદીએ દાવા અરજી ૫૪ વર્ષ બાદ કરેલ છે તેથી સમય મર્યાદાનો બાદ નડતો હોઈ તે કારણોસર પણ રદ થવાને પાત્ર છે વાદી સાથે તા.૧૪/૨/૨૩ અગાઉ પંદર દિવસ પહેલા કોઈ પણ તકરાર, બોલચાલ, મારા મારી, સમાજના માણસો ભેગા કરવાનુ વિગેરે થયેલ નથી આ હકીકત વાદીએ જાતે ઉપજાવી કાઢેલ છે. પ્રતિવાદી બળેવીયા અઢેરાભાઈ નાથાભાઈ વયોવૃધ્ધ ૮૦ વર્ષની ઉંમરના હતા તેઓ મોટા ભાગે બીમાર રહેતા હતા તેથી વાદીને ધમકીઓ આપે કે ઉશ્કેરાઈ જાય તેવી વાત માનવામાં આવે તેમ નથી.

૮. વધુમાં, પ્રા.વાદી તરફે દલીલ છે કે, સદર કામના વાદી ચોખ્ખા હાથે નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી વળી લો ઓફ ઈકવીટી હેઠળ ન્યાય મેળવવા માટે આવનાર વ્યકિત જો ચોખ્ખા હાથે નામદાર કોર્ટ સમક્ષ ન આવેલ હોય તો તેવા સંજોગોમાં તેવી વ્યકિતને કાયદો મદદ કરી શકે નહી કારણ કે **વાદીએ પ્રતિવાદીની સ્વપાર્જીત જમીન સંમતી સીવાય તેમજ સક્ષમ અધિકારીની મંજુરી સીવાય બળજબરીથી પડાવી લીધેલ છે.**

સદરહુ ખેતીની જમીન સને ૧૯૬૨–૬૩ ના અરસાથી બળેવીયા અઢેરાભાઈ નાથાભાઈ કબજો ભોગવટો ધરાવી વાવેતર કરતા આવેલા જેઓ તા.૨૧/૧૧/૨૦૨૩ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે જેથી વારસાઈ નોંધ નં. ૧૨૮૬ તા.૨૬/૧૨/૨૦૨૩ ના રોજ પાડી તા. ૧૫/૦૨/૨૦૨૪ ના રોજ પ્રમાણીત કરવામાં આવેલ છે. સ્વ.બળેવીયા નાથાભાઈ જીવાભાઈના ત્રણ સગા પુત્રો હતા **(૧)** બળેવીયા અઢેરાભાઈ નાથાભાઈ **(૨)** બળેવીયા કાન્તીભાઈ નાથાભાઈ **(૩)** બળેવીયા સકરાભાઈ નાથાભાઈ તેમાંથી અનુ.નં.૧ તથા અનુ.નં.૩ સ્વર્ગવાસ થયેલ છે સદરહુ સર્વે નંબરવાળી જમીનમાં ગામ નમુના નં.૭ માં બળેવીયા નાથાભાઈ જીવાભાઈનુ નામ સને ૧૯૪૦ થી દાખલ થયેલ નથી જેથી તેઓનો આ જમીનમાં કોઈ કાયદેસરનો હકક હતો નહી. <u>સર્વે નં. ૧૩૪ (જુનો સ. નં. ૩૦/૧) વાળી જમીન હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩ ની પ્રતિવાદીઓએ વહેચણી કરેલ નથી તેમજ તેના હિસ્સા ભાગ પાડેલ નથી વાદીએ કુલ જમીન ૧૩૧ ગુઠા માંથી ૮૪ ગુઠા જમીન પ્રતિવાદી પાસેથી બળજબરી પૂર્વક પડાવી લઈ અપકૃત્ય કરેલ છે. સ્વ.બળેવીયા અઢેરાભાઈ નાથાભાઈ ઉમરની દૃષ્ટિએ મોટાભાઈ થતા હતા તેઓએ સંયુકત કુટુંબની આવકમાંથી ખર્ચ કરી સદરહુ ખેતીની જમીન તેમના નામે રેવન્યુ રેકર્ડમાં દાખલ કરેલ છે તે વાત ખોટી છે.</u> કારણે કે, સદરહુ સર્વે નંબરવાળી જમીન સરકર તરફથી ચોકકસ શરતોને આધીન તેમના વ્યતિગત નામે ગ્રાન્ટ કરવામાં આવેલ છે તે નવી શરતની છે તેઓ જાતે ખેતી કરી ઉપજ લેતા હતા. નોંધ નં. ૬૭ તા. ૨૦/૩/૬૪ થી જમીન મહેસુલ કાયદાની કલમ ૭૩એએ અન્વયે આદિવાસીઓની જમીન ઉપર અગાઉથી મંજુરી મેળવ્યા સીવાય નામદાર સરકારની જાહેરતની તારીખથી કબજેદાર તરીકે હકકોમાં ફેરફાર કરી શકાશે નહી તેવી શરતથી જમીન ફાળવવામાં આવેલ છે સને ૧૯૬૨–૬૩ થી સદરહુ સર્વે નંબરવાળી જમીન નામે તથા પ્રત્યક્ષ કબજો પ્રતિવાદીઓ ધરાવીએ છીએ.

૯. વધુમાં, પ્રા.વાદીઓ ની દલીલ છે કે, વાદીઓએ સને ૧૯૬૯–૭૦ માં પ્રતિવાદી પાસેથી બળજરીપૂર્વક ૮૪ ગુઠા જમીન પડાવી લીધેલ છે અને ૧૯૭૧–૭૨ માં સદરહુ સર્વે નંબરવાળી જમીનમાં શરત ભંગનો કેસ થાય તેમ હતો તેથી વાદીઓએ તેમના નામ ગામ નમુના નં.૧૨ માંથી રદ કરાવેલ છે ત્યાર બાદ ફરીથી તેમના નામ દાખલ થયેલ નથી વાદી જણાવે છે કે અમો ૬૦ વર્ષથી ઉપરાંતના સમયથી ખેતી કરીએ છીએ જે વાત ખોટી છે કારણ કે, જમીન સ્વ.બળીવીયા જીવાભાઈ નાથાભાઈના નામે તેમજ કબજામાં હતી નહી. સર્વે નં.૧૩૪ (જુનો સ.નં.૩૦/૧) વાળી જમીન સ્વપાર્જીત ખેતીની જમીન આવેલી છે જે ગામ નામુના નં.૭ પ્રમાણે બળેવીયા અઢેરાભાઈ નાથાભાઈ ના નામે હતી અને હવે તે વારસાઈ નોંધ નં. ૧૨૮૬ તા.૨૬/૧૨/૨૦૨૩ ના રોજ પાડી તા.૧૫/૨/૨૦૨૪ ના રોજ તેમના વારસદારોના નામ દાખલ કરવામાં આવેલ છે. નવા સર્વે નં.૧૩૪ જુના સર્વે નં.૩૦/૧ માં ગામ નમુના નં.૭ માં બળેવીયા નાથાભાઈ જીવાભાઈનુ નામ હતુ નહી અને તેથી વડીલોપાર્જીત ગણી શકાય નહી અને તેઓના બે પુત્રોના નામ દાખલ કરી શકાય નહી. તેથી પેઢીનામાની જરૂરીયાત ઉપસ્થિત થતી નથી. વાદી જણાવે છે કે, અમો વાદીના પિતા બળેવીયા નાથાભાઈ જીવાભાઈ સને ૧૯૪૦ ના અરસા પહેલાથી દાવાવાળી જમીનનો કબજો ભોગવટો કરી વાવેતર કરતા હતા જે હકીકત ખોટી છે કારણ કે સર્વે નં.૩૪ જુના સર્વે નં. ૩૦/૧ વાળી જમીન સ્વ. બળેવીયા નાથાભાઈ જીવાભાઈ નામે તેમજ કબજામાં હતી નહી. વાદી એરેકર્ડ આધારીત સાચો પુરાવો રજુ કરેલ નથી. સ્વ.પિતાશ્રીએ સદરહુ સર્વે નંબર વાળી જમીનની વહેચણી

કરી આપેલ નથી પરંતુ વાદીએ પડાવી લીધેલ છે ૫૪ વર્ષના સમયથી બંને ભાઈઓ સદરહુ સર્વે નંબરવાળી જમીનમાંથી ૮૪ ગુંઠા જમીન પ્રતિવાદીઓ પાસેથી પડાવી લઈ ખેતીની ઉપજ મેળવે છે અને તે અંગેની તકરાર છે. વાદીએ પ્રતિવર્ષના રૂા.૧ લાખ ગણતાં ૫૪ વર્ષના રૂા.૫૪ લાખની ઉપજ મેળવેલ છે અને અમો જમીનના મુળ માલીકને રૂા.૫૪ લાખનુ નુકશાન થયેલ છે.

૧૦. વધુમાં, પ્રા.વાદીઓ તરફે દલીલ છે કે, પ્રતિવાદીએ સંયુકત કુટુંબની મીલકતમાંથી ખર્ચ કરીને જમીન ખરીદેલ નથી કારણ કે સદરહુ સર્વે નંબરવાળી જમીન નવી અને અવિભાજય શરતની છે જે સરકાર તરફથી સ્વ.પિતાશ્રીના નામે ગ્રાન્ટ કરી જાહેરાત કરી કબજેદાર તરીકે ફાળવી હકકો આપેલા છે. કૃષિ અને જમીન વિભાગ સચિવાલય અમદાવાદ તા.૪/૪/૧૯૬૧ નું જાહેરનામુ એલ.એ.ડી./૩૯૬૧/૪૧૫૦૯ ધી મુંબળી મહેસુલ અધિનિયમ ૧૮૭૯ ની કલમ ૭૩ એ થી મળેલ સત્તાની રૂએ અનુસુચિત દર્શાવેલ જિલ્લાઓના આદિવાસી ખેડુતો પુરતો પ્રતિબંધ મુકવામાં આવેલ છે જેનુ અમલીકરણ તા.૪/૪/૧૯૬૧ થી કરેલ છે કલેકટરશ્રીની પૂર્વ મંજુરી સીવાય ફેરફાર કરી શકાશે નહી તેવી સ્પષ્ટ જોગવાઈ છે.

૧૧. વધુમાં, પ્રા.વાદીઓ તરફે દલીલ છે કે, ગુજરાત જમીન અધિનિયમ ૧૮૭૯ ની સ્પષ્ટ જોગવાઈ છે કે તા. ૧૨/૨/૧૯૮૨ થી દાલખ કરેલ સુધારાથી આદિવાસી આદિવાસીની ખરીદી કે ફેરફાર એન્ટ્રી સબંધમાં કલેક્ટરશ્રીની પૂર્વ મંજુરી લેવાની રહે છે આ જોગવાઈઓ પ્રમાણે આ કેસમાં વાદીએ સક્ષમ અધિકારશ્રીની મંજુરી મેળવેલ નથી તેથી અપકૃત્યનો કાયદો લાગુ પડે છે. આ દાવાના વાદીએ અમારા કબજા ભોગવટાની નામવાળી જમીન ગેરકાયદેસર પડાવી લઈ દબાણ કરી કાયદેસર કરવા એટલે કે જમીન નામે ચઢાવવા નામદાર કોર્ટમાં બનાવટી પુરાવાઓ રજૂ કરી નામદાર કોર્ટ પાસે ખોટો નિર્ણય લેવડાવવા દાવો કરેલ છે જેથી અમો પ્રતિવાદીઓએ દાવાની સાચી હકીકત રજુ કરીએ છીએ. કાયદાનો સિધ્ધાંત છે કે ગેરકાયદેસર કૃત્ય કાયદેસર બનતુ નથી ગેરકાયદેસર વ્યવહાર કાયદેસર બનાવી શકાય નહી અને ગમે ત્યારે તે કાયદેસર જાહેર કરી શકાય નહી જેથી આ કેસમાં વાદીએ દબાણ કરેલ હોઈ દબાણ દુર કરવુ ફરજીયાત છે. સદરહુ સર્વે નંબરવાળી જમીન પ્રતિવાદીઓની સ્વપાર્જીત મીલકત છે સરકારશ્રી તરફથી ચોકકસ શરતોને આધિન સ્વ.પિતાશ્રીના નામે ગ્રાન્ટ કરી પ્રત્યક્ષ કબજો સોપેલ છે જેથી સંરક્ષણની જવાબદારી અમારા શીરે છે. આ પ્રતિવાદીનો પ્રથમ દર્શનીય કેસ છે તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ પ્રતિવાદીઓના લાભમાં છે વાદીઓને આ કેસમાં કોઈ પણ નુકશાન થાય તેમ નથી તેઓએ હકક સીવાય રૂા.૫૪ ની લાખ ઉપજ મેળવેલ છે. જયારે અમો પ્રતિવાદીઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તે રીતે નુકશાન થઈ રહયુ છે અત્યાર સુધીમાં રૂા.૫૪ લાખ થુકશાન થયેલ છે તેથી વાદીની આંક-૫ ની કામ ચલાઉ મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા દલીલ છે. દાવાના કારણો તેમજ તેમાં જણાવેલ તમામ હકીકત વાદીએ જાતે ઉભી કરેલ છે જે સત્યથી વેગળી છે. વારસાઈ કર્યા સીવાય વહેચણી કરી શકાય નહી વડીલોએ મૌખિક તેમજ લેખિત વહેચણી કરેલ નથી વાદીએ આ જમીન પીઠબળથી, બળજબરી પૂર્વક, બદ ઈરાદાથી પ્રતિવાદી પાસેથી પડાવી લઈ દબાણ કરેલ છે. નવી શરતે આપેલ જમીન કલેકટરની પરવાનગી વગર વેચી શકતા નથી કોઈને સાથે આપી શકાતી નથી તેમજ ભાઈઓ ભાગમાં વહેચી શકાતી નથી પરવાનગી મેળવ્યા સીવાય તેમ કરવામાં આવે તો તે જમીન ખાલસા

થવાને પાત્ર બને છે. પ્રતિવાદી અવેજ તેમજ બીનઅવેજ જમીન વેચાણ કરવા સંમત નથી તેઓ સર્વે નં.૧૩૪ વાળી જમીન જે પડાવી લીધેલ જમીન ૮૪ ગુઠા જમીન પરત મેળવી જાતે ખેતી કરવા માગે છે. જમીન મહેસુલ સંહિતાની કલમ ૭૩–૩ તથા ૬૩–ક બાબત ગુજરાત સહકાર પરીપત્ર ક્રમાંક મદજ/૧૦૨૦૦૩/૨૬૩૨/જ તા.૧૮/૩/૨૦૦૬ મુજબ કલમ ૭૩ એસી કલમ ૭૩એ અને ૭૩એએ અને ૭૩એ નીચે થયેલ કાર્યવાહી દિવાની અદાલતના કાર્યક્ષેત્રની બહાર રાખવાની જોગવાઈ ઠરાવેલ છે. ઉપરોકત કલમ નીચે કલેકટર જે હુકમ કરે તે કોઈ દિવાની કે ફોજદારી અદાલતમાં પડકારી શકાય નહી દિવાની અદાલત કામ ચલાઉ કે કાયમી મનાઈ હુકમ પણ આપી શકશે નહી. સદરહુ કેસની હકીકતો જોતાં કોઈ પણ સંજોગોમાં વાદીને કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય નહી કારણ કે પ્રતિવાદીની સ્વપાર્જીત મીલકત છે નવી શરતની ખેતીલાયક જમીન, ૭૩એએ નિયંત્રિત સત્તાપ્રકારની છે. જેથી હાલના દાવામાં માગેલ આવેલ (અ) આ કામના પ્રતિવાદી તેમના મળતીયાઓ એજન્ટો એસાઈનીઓ કોઈ પણ પ્રકારની અમો વાદીને ખેતી કરતા અટકાવે નહી કબજો પડાવી લે નહી રોકટોક કરે નહી કે કરાવે નહી તેવી કામ ચલાઉ મનાઈ હુકમની દાદ નામંજુર કરશોજી.

૧૨. પ્રતિવાદીઓ તરફે તેઓની પ્રતિ મનાઈ હુકમની અરજી લગત આંક – ૩૦ થી દસ્તાવેજી પુરાવા લીસ્ટ રજુ કરેલ છે જેમાં પ્રતિવાદીઓ દ્વારા નિશાની ૩૦/૧ થી નિશાની ૩૦/૯ સુંધીના આધારો રજુ કરેલ છે તેમાં વિવાદિત સર્વે નં. વાળી જમીનો અંગેના ૭/૧૨, ૮–અ, અવિભાજીત શરતની નોધ નં. ૬૭ તથા યુનિયન બેંક ઓફ ઈન્ડિયા નો બોજા નોધ નં. ૧૨૧૧, ૧૨૭૦, તથા બળેવીયા અઢેરાજીના અવશાન થતા વારસાઈ નોધ નં. ૧૨૮૮ ની પ્રમાણિત નકલ રજુ કરલે છે.

૧૩. વાદી તથા પ્રતિવાદી તરફે સામ સામે દાદ માગેલ છે કે,

વાદીઓ તરફે : – મોજે વાઘેશ્વરી તા.ભિલોડાની સીમના નવો સર્વે નં.૧૩૪ હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩ વાળી જમીનમાંથી ૮૪ ગુઠા જમીન કે જે પ્રતિવાદીઓ એ ગેરકાયદેસર રીતે પડાવી લઈ દબાણ કરેલ છે તે જમીનમાં ખેતીકામ કરતા કે ઉપજ લેતા કે હરતા ફરતા રોકટોક કરે કરાવે નહી અને વાદગ્રસ્ત જમીનમાં કામના પ્રતિવાદીઓ તેમના માણસો, એજન્ટો, નોકરો પ્રવેશ કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ અને વાદીઓના તરફેણમાં કામ ચલાઉ મનાઈ હુકમ કરવા મે.કરશોજી.

પ્રતિવાદીઓ તરફે : – મોજે વાઘેસ્વરી તા.ભિલોડા સીમના નવા સર્વે નં. ૧૩૪, હે.આરે.ચો.મી. ૧–૩૦–૮૩, વાળી જમીનમાંથી ૮૪ ગુઠા જમીન કે જે પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે પડાવી લઇ દબાણ કરેલ છે તે જમીનમાં ખેતીકામ કરતા કે ઉપજ લેતા કે હરતા ફરતા રોકટોક કરે કરાવે નહી અને વાદગ્રસ્ત જમીનમાં આ કામના પ્રતિવાદીઓ તેમના માણસો એજન્ટો નોકરો પ્રવેશ કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ (મૂળ વાદીઓ) વિરુદ્ધ કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવા અરજ કરેલ છે.

૧૧. સદરહુ વાદી નો મનાઈ હુકમની અરજી સામે પ્રતિવાદીના મનાઈ હુકમની અરજીના ન્યાય નિર્ણય અર્થે નીચે મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

૧. શું વાદી તથા પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓનો કેસ પ્રથમ દર્શનીય કેસ છે?

૨. શું વાદી તથા પ્રતિવાદી પુરવાર કરે છે કે, અગવડ સગવડની સમતુલા તેઓના પક્ષે છે.

૩. શું વાદી તથા પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓને માંગ્યા મુજબની દાદ ન આપવામાં આવે તો વાદીઓને નુકશાન થાય તેમ છે?

૪. શું હુકમ ?

૧૨. ઉપરોક્ત મુદ્દાના જવાબ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. યથાસ્થિતિમાં જાળવી રાખવાનો હુકમ

૧૩. ઉપરોક્ત મુદ્દાના નિર્ણય હેતુ બન્ને પક્ષકારનો વિ.વ.શ્રીની દલીલો સાંભળી. તેઓની દલીલોમાં એવી રજુઆત છે કે દાવા અરજી તથા રજુ થયેલ જવાબ અને આધારોને ધ્યાને લેવા અને તે મુજબની તેઓની મૌખિક અને લેખીત દલીલ ગણવી તેવુ ખુલ્લી કોર્ટમા જાહેર કરેલ છે.

૧૪. ઉપરોક્ત મુદા નં. ૪ ના હુકમ માટે મુદા નં. ૧ થી ૩ ની હકીકતો અને પ્લીડિંગસ અને પ્રાથમિક આધાર પુરાવા એક બીજા સાથે સંકળાયેલ હોઈ તમામ મુદાઓની એકની એક હકીકતનું પુનરાવર્તન ટાળવા માટે અહી એક સાથે મૂલ્યાંકન કરવામાં આવેલ છે.

૧૫. ઉપરોક્ત બન્ને પક્ષકારો તરફે રજુ મનાઈ હુકમની અરજી અંગે નિણર્ય અંગે રજુ હકીકતો તથા દસ્તાવેજી પુરાવા લક્ષે લેતા એ હકીકત નીર્વીવાદિત છે કે, બન્ને પક્ષકારો સ્વીકારેલ છે કે, વિવાદિત જમીન વણ વહેચાયેલ મિલકત છે અને પ્લીડિંગસ પર થી એ હકીકત નીર્વીવાદિત છે કે સદર જમીન વાદી પ્રતિવાદીઓને

તેઓના વડીલો પાર્જીત હોવા અંગે અને માલિકી અંગે તકરાર છે. વધુમાં, વિવાદિત જમીન અંગે સ્થળપર કોઈ સેઠાપાળી કરી અને મિલકતની વહેચણી કરેલ હોઈ તેવો કોઈ લેખ કે આધાર રેકર્ડ પર રજુ થયેલ નથી અને હાલ કઈ જમીન કોના દ્બારા અને કઈ દિશામાં કબજો ભોગવટો ધરાવે છે અને કોઈ સમજુતી થી કેટલા સમય થી અને કઈ જગ્યમાં કેટલી જગ્યામાં કબજો ધરાવી ખેતી કરતા આવેલ છે તે તકરારી વિષય વસ્તુ હોઈ અને તેનો પુરાવા લીધા શિવાય નિર્ણયપર પહોચવું મુશ્કેલ હોઈ આ તબ્બકે, અહી નોધવું જરૂરી છે કે, મિલકતની વહેચણી થયેલ નથી અને રજુ રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓ ના વડીલ અને તેઓના બાદ પ્રતિવાદીઓના નામ ચડેલ છે જયારે વાદીઓ કે તેઓના વારસોના નામ દાખલ થયેલ નથી, સમગ્ર તકરારી મિલકતના બન્ને પક્ષકારો સંયુક્ત ખાતેદાર અને કબજેદાર ગણાય કે કેમ એ પુરાવાનો વિષય છે કારણ કે સરકારશ્રી દ્બારા કોને જમીન ફાળવવામાં આવેલ છે તે અંગે બન્ને પક્ષકારોએ કોઈ સ્પસ્ટ લેખિત આધાર પુરાવા રજુ કરેલ નથી, આ તબ્બકે, અહી નોધવું જરૂરી છે કે બન્ને પક્ષકારો જમીન પર પોતાનો માલિકી હક્ક અને વારસાઈ અને ઉત્તરાધિકાર થી પ્રાપ્ત થયેલ હોવાનું જણાવેલ છે અને કુલ્ર – ૮૪ ગુંઠા અંગે તકર રહેલ છે આ તબ્બકે, પ્રતિવાદીઓ પણ વાદીઓ દ્બારા ૧૩૪ ગુઠા માંથી ૮૪ ગુઠામાં દબાણ કરેલ હોવાનો દાવો કરી રહેલ છે. પરંતુ તે અંગે કોઈ ઠોસ આધાર રજુ કરેલ નથી. હાલ આ તબ્બકે, નોધવું જરૂરી છે કે રેવન્યુ રેકર્ડમાં થયેલ નામ ની એન્ટ્રી અને રેવન્યુ આધાર એ પુરાવો નથી અને સક્ષમ ઓથોરીટી ને તપસ્યા સિવાય અને સરકારશ્રી દ્બારા કોને જમીન ફાળવણી કરવામાં આવેલ તે હકીકત અંગે ઠોસ પુરાવા લીધા સિવાય હાલ માલિકી અને કબજો સાથે હિત નક્કી કરવા પૂરતા કારણો અને પુરાવા ના હોઈ તે સંજોગોમાં, **વાદી તરફે રજુ દસ્તાવેજી પુરાવા લીસ્ટ નિશાની ૩/૧ થી નિશાની ૩/૪ વાળા આધારો તથા પ્રતિવાદી દ્વારા દસ્તાવેજી પુરાવા લીસ્ટ નિશાની ૩૦/૧ થી નિશાની ૩૦/૯ સુંધીના દસ્તાવેજ ધ્યાને લેતા, હાલ મિલકત ની માલિકી અને વડીલો પાર્જીત મિલકત કે સ્વ પાર્જીત મિલકત અંગે નિણર્ય લેવો મુશ્કેલ હોઈ અને જે પુરાવાનો વિષય હોઈ હાલ કોઈ ઠોસ કારણો બન્ને પક્ષકારો દ્વારા મનાઈ હુકમ અંગે રજુ થયેલ ના હોઈ,** વધુમાં, હાલની મનાઇ હુકમની અરજી નિર્ણય હેતુ કેટલાક માર્ગદર્શક ચુકાદા અહિં નોંધવા જરૂરી હોય જેમાં (૧) **Dalpatkumar And Anr. Vs. Prahlad Singh And Ors. On** 16 **December,** 1991 **: The Hon'ble Supreme court has Held that, Grant of injunction is a discretionary power of the court which can be exercised there of :**

1. There is a seriously disputed question that is to be tried by the court in the suit on the facts before the court,

but there is the probability of his being entitled to the relief which the plaintiff or the defendant is asking.

2. The court needs to interfere as it is necessary to prevent the possible future loss or protect the party from the species of injuring. To be precise, before the legal right is established at trial, irreparable loss or injury would have ensued.

3. The comparative hardship or mischief or inconvenience would be greater than that would be granted, which is likely to occur from withholding the injunction.

The condition for the grant of a temporary injunction is the existence of the prima facie right and the infraction of his property's enjoyment or the right. The Prima facie case cannot be confused with the prima facie trial as it is established on the evidence of the trial. It is not sufficient to grant an injunction that there is the satisfaction of the prima facie case itself.

The court further needs to satisfy that there will be an irreparable injury to the party which is seeking relief due to non – interference of the court and that there is no other option available except to grant the injunction, which could prevent the party from the apprehended consequences of dispossession or injury. Irreparable injury means that there should material injury, but it does not mean that there should be no physical possibility of repairing that injury, and the injury cannot be compensated by way of compensation. The third condition for providing the grant for a temporary injunction should be the balance of convenience. The court should exercise sound judicial discretion while granting or rejecting the injunction filed by the respective parties so that they could find out the amount of substantial mischief or injury which is likely to be caused by the parties. The court would have granted

the ad–interim injunction in the previous case but when the party seeks to set aside the decree on the basis of fraud pleaded in the suit by another party, but the court would circumspect before granting any injunction and look at the conduct of the respective parties and look at the matter that if the injunction is refused than whether the plaintiff is adequately compensated. The sale deed was executed in favor of the first appellant by the court. Respondents could be adequately compensated if they succeed at the trial. They could be compensated by awarding damages for the occupation of the property from the date of dispossession till the date of restitution. The trial court and the High Court repeatedly refused the pending proceedings of the injunction.

Supreme Court observed that the High Court, without averting to any material circumstance or evidence or any alienation, made that the balance of convenience in favor of granting the injunction was wrong by the High Court. The Supreme Court set aside the High Court order and Confirmed the order of the trial court. The Supreme Court also stated that allowing the temporary injunction to the respondent was not made by keeping in mind all the provisions and the principles stated under order 39 of CPC.

(૨) Further a Division Bench of this court in **Badri Prasad Vs. Chokhey Lal, AIR 1926 All 406 at p. 408 ; (1926) 24 ALL L J 561 at p. 565.** Hon’ble court has observed as follows; “The plaintiff ought to be able to satisfy the court of the practical certainty of success, and of the existence of grave danger, and of a real fear that a dishonest defendant, undoubtedly liable, in making away with the probable fruits of the judgment.”

6. it is thus clear that the grant of an ad interim injunction is an extraordinary thing. It is not permissible to grant it unless the plaintiff established that the defendant

has no case on merits, that the plaintiff is undoubtedly entitled to a decree and the defendant undoubtedly liable or likely to make away the fruits of the decree.

Further, The defendant court not have run away with the land which was the subject – matter of the suit. On the findings themseles, it is clear that the plaintiff had no prima facia case. Under the circumstances, the lower appellate court misconceived the limits of its jurisdiction in issuing the interim injunction.

(३) **Shiv Kumar Chadha Etc. Vs Municipal Corporatoin of Delhi And Ors on 4th May** 1993 (1993 **SCR** (3) 522) Hon'ble Court has Held that – It has been pointed out repeatedly that a party is not entitled to an order of injunction as a matter of right or courses, Grant of Injunction is within the discretion of court and such discretion is to be exercised in favor of the plaintiff only if it is proved to the satisfaction of the court that unless the defendant is restrained by an order of injunction, an irreparable loss or damage will be caused to the plaintiff during the pendency of the suit. The purpose of temporary injunction is, thus to maintain the status quo. The court grants such relief according to the legal principals – Ex debite Justitiae. Before any such order is passed the court must be satisfied that a strong primafacie case has been made out by the plaintiff including on the question of maintainability of the suit and the balance of convenience is in his favor and refusal of injunction would cause irreparable injury to him.

(४) **Wandor Ltd. And Anr. Vs Antox India P. Ltd. On 26th April.** 1990 (1990 (2) **ARBLR** 399 (**SC**)) Hon'ble Court has Held that – The need for such protection must be weighed against the corresponding need of the defendant to be protected against injury resulting from his having been prevented from exercising his own legal rights of which he could not be adequately compensated. That court

must weigh one need against another and determine where the "balance of convenience lies." **આમ ઉપરોક્ત ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિદ્ધાંતો લક્ષે લેતા, બન્ને પક્ષકારો દ્વારા રજુ થયેલ વચગાળાની મનાઈ હુકમની અરજીના સંયુક્ત નિર્ણય હેતુ મુદા નં. ૧ થી ૩ નો જવાબ સંયુક્ત રીતે જવાબ નકારમાં ઠરાવી અને મુદા નં. ૪ અન્વયે નીચે મુજબનો સંયુક્ત રીતે વચગાળાનો હુકમ ફરમાવવામાં આવે છે.**

— :: હુકમ :: —

બન્ને પક્ષકારો દ્વારા સી.પી.સી ઓર્ડર — ૩૯, રૂલ — ૧ અને ૨ તથા કલમ — ૧૫૧ હેઠળ રજુ વચગાળાની અરજી આથી ન્યાયના હિતમાં સંયુક્ત રીતે રદ કરવામાં આવે છે પરંતુ, બન્ને પક્ષકારોએ હાલ સ્થાનિકે તેઓ પાસે જે કબજો ભોગવટો રહેલ છે અને જે સ્થળે તેઓ ખેતી કામ કરે છે તે પ્રમાણે યથાવત સ્થિતિ દાવાના આખર નિકાલ સુંધી અથવા બીજો હુકમ થાય નહી ત્યાં સુંધી જાળવી રાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજરોજ તા.૧૨, માહે : નવેમ્બર, સને : ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૫
સ્થળ : ભિલોડા.

(એ. એ. દવે)
એડી. સિવિલ જજ ભિલોડા
Gj01442